INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

અખબારી યાદી તા, ૦૨/૦૨/૨૦૨૩

- ભાજપ સરકારે યુવાનોને રોજગાર તો ન આપ્યો પરંતુ 'અમૃત પેઢી'નું નવું નામ યુવાનોને આપ્યું છે.
- ભાજપ સરકારની સાત લાખ સુધીની આવક કરમુક્ત કરવાની જાહેરાત એ માત્ર આંકડાઓની માયાજાળ છે.
- ભાજપ સરકારે દેશનું દેવું ૧૫૫ લાખ કરોડની વિક્રમજનક સપાટીએ પહોંચાડ્યું.
- ગુજરાત પૂછવા માંગે છે કે ગુજરાતમાં ૫૦ લાખ બેરોજગારોને રોજગાર ક્યારે મળશે? ગુજરાતમાં પેપરો ફૂટતા ક્યારે અટકશે?

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત વિધાનસભાના કોંગ્રેસ પક્ષના નેતા અને આંકલાવના ધારાસભ્ય શ્રી અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતુ કે ભાજપ સરકારનું આ બજેટ લોકસભા ૨૦૨૪ ચૂંટણી પહેલાનું છેલ્લું પૂર્ણ બજેટ છે. આ બજેટ માત્ર ચૂંટણીલક્ષી અને કર્ણપ્રિય બજેટ છે. ભાજપ સરકારની સાત લાખ સુધીની આવક કરમુક્ત કરવાની જાહેરાત એ માત્ર આંકડાઓની માયાજાળ છે સાચા અર્થમાં નાગરિકો ટેક્ષ ભરવા જશે ત્યારે સાચી સ્થિતિઓ ખ્યાલ આવશે.ભાજપ સરકારે શરૂઆતના વર્ષોમાં સ્માર્ટ સીટી, કાળું નાણું, નોટબંધી, જી.એસ.ટી અને ધંધા-વેપારની ફૂલગુલાબી ચિત્ર રજુ કરતી લોભામણી વાતો કરી હતી. ૮ વર્ષના શાસન પછી પણ યોગ્ય અમલવારી અને મોનીટરીંગનો અભાવને કારણે સામાન્ય માણસને રોજગારી, શિક્ષણ, આરોગ્ય સહિતની પ્રાથમિક સુવિધાઓ-લાભો મળ્યા નથી. બીજીબાજુ દેશનું દેવું સતત વધી રહ્યું છે. આઝાદીથી ૨૦૧૪ સુધી 55 લાખ કરોડ દેવું હતું જે વર્ષ ૨૦૧૪ થી ૨૦૨૩ સુધી ભાજપ સરકારે દેશનું દેવું ૧૫૫ લાખ કરોડની વિક્રમજનક સપાટીએ પહોંચાડ્યું છે. લોકસભા ૨૦૨૪ ની ચૂંટણીઓ સામે આવી રહી છે ત્યારે મધ્યમવર્ગ યાદ આવ્યો છે અને ટેક્ષમાં રાહતોની સુફિયાણી વાતો કરી રહી છે. કેન્દ્રીય બજેટમાં કોવીડ-હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ખેડૂતો માટે – એમ.એસ.પીની ક્યાય વાત જોવા મળતી નથી. ભાજપ સરકારે વર્ષ ૨૦૨૨ સુધી દેશના તમામ લોકોને મકાન, ખેડૂતોની આવક બમણી, યુવાનોને ૨ કરોડ રોજગાર, સ્માર્ટ સીટી, જેવા દિવાસ્વપ્નો દેશની જનતાને બતાવ્યા હતા. ભાજપ સરકાર દ્વારા રજુ કરવામાં આવેલા કેન્દ્રીય બજેટમાં મોંઘવારી, રોજગારી, રૂપિયાનું અવમુલ્યન સળગતી સરહદો, કુપોષણ માટે નક્કર પગલા – આયોજન નો કોઈ ઉલ્લેખ નથી બીજીબાજુ શિક્ષણ, આરોગ્ય, મનરેગા, કૃષિ જેવા મહત્વના વિભાગો-યોજનાઓમાં બજેટમાં મોટો ઘટાડો કરવામાં આવ્યો છે જે ચિંતાજનક છે.

પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત વિધાનસભાના કોંગ્રેસ પક્ષના નેતા શ્રી અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતુ કે ભાજપ સરકારે યુવાનોને રોજગાર તો ન આપ્યો પરંતુ 'અમૃત પેઢી'નું નવું નામ યુવાનોને આપ્યું છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ બજેટના વખાણ કર્યા પરંતુ ગુજરાત પૂછવા માંગે છે કે ગુજરાતના ૫૦ લાખ બેરોજગારોને રોજગાર ક્યારે મળશે? ગુજરાતમાં પેપરો ફૂટતા ક્યારે અટકશે? કોન્ટ્રાકટર – આઉટસોર્સિંગ બંધ કરીને કાયમી નોકરીઓ ક્યારે મળશે?. ગુજરાતના કેન્દ્ર સમક્ષના પડતર પ્રશ્નો સંદર્ભે બજેટમાં શું જોગવાઈઓ થી તે પ્રજા જાણવા માંગે છે. મનરેગાનું બજેટ ઘટાડ્યું, ગુજરાતમાં ગ્રામીણ રોજગાર પર શું અસર થશે તે સરકાર જણાવે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ શ્રી બિમલ શાહ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રદેશ પ્રવક્તા શ્રી હિરેન બેંકર, શ્રી અમિત નાયક, સી.એ. શ્રી મેહુલ પટેલ, અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખશ્રી નીરવ બક્ષી ઉપસ્થિત રહ્યા હતા.

હિરેન બેંકર

(હિરેન બેંકર)
પ્રવક્તા